


ખંડ-૩
અંક-૫
મે ૨૦૧૭


# કૃષિ ઉત્પાદન અને
# બજાર દર્શન
## કૃષિ ઉદય...


અધ્યક્ષ:
પ્રો. શિરીષ આર. કુલકર્ણી
માનનીય સલાહકાર :
ડૉ. મહેશ પાઠક
મુખ્ય સંપાદક :
ડૉ. એસ. એસ. કલમકર
સહસંપાદક :
ડૉ. એચ. પી. ત્રિવેદી
ડૉ. ડી. જે. ચૌહાણ
સંપાદક :
ડૉ. હેમંત શર્મા
વિષય સંપાદક :
ડૉ. એસ. આર. ભૈયા
ડૉ. વિજય એસ. જરીવાલા
ડૉ. એમ. એન. સ્વેન
શ્રી એમ. મકવાણા
પ્રસાર પ્રભારી :
શ્રી દીપ કે. પટેલ



પ્રકાશક :
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
આણંદ, ગુજરાત



E-mail: director.aerc@gmail.com
website: www.aercspu.ac.in


### સરકાર કઠોળની આયાત જકાતમાં વધારો કરશે



મુખ્ય ઉત્પાદક રાજ્યોનાં કૃષિ બજારમાં ખાસ કરીને કઠોળમાં તુવેર અને અડદના ભાવ, લઘુત્તમ ટેકાના ભાવ કરતાં નીચે આવતા સરકારે કઠોળ પર આયાત જકાત લાદવાનો નિર્ણય કર્યો છે, જે લગભગ પાછલાં એક દસકા કરતાં વધુ સમયથી નાબૂદ કરવામાં આવી હતી. કઠોળની માંગ અને પુરવઠા વચ્ચેનું અંતર ઘટાડવા માટે સરકાર ૨૦૦૬ થી આયાત પર શૂન્ય ટકા જકાતની નીતિ અપનાવી રહી છે.જો કે, વર્ષ ૨૦૧૬-૧૭માં, વધારે પાક ઉત્પાદનની ધારણાએ સ્થાનિક ખેડૂતોને બચાવવા માટે સરકારે આયાત પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય કર્યો છે. કઠોળના ભાવ ખાસ કરીને તુવેર અને અડદના ભાવ રૂ. ૫૦૫૦ પ્રતિ ક્વિન્ટલની આસપાસ છે. આ પહેલી જ વખત છે કે સરકારી એજન્સીઓએ ખેડૂતો પાસેથી તુવેર અને અડદની ખરીદી કરી છે કારણ કે માંગ અને પુરવઠા વચ્ચેનો તફાવત અને છૂટક ભાવએ લઘુત્તમ ટેકાના ભાવ કરતાં ઘણાં વધારે છે. કૃષિ મંત્રાલય દ્વારા તાજેતરમાં જ પ્રકાશિત કરવામાં આવેલા બીજા આગોતરા અંદાજ અનુસાર, વર્ષ ૨૦૧૬-૧૭ના પાક વર્ષ (જુલાઇ-જૂન) દરમિયાન કઠોળનું ઉત્પાદન ગયા વર્ષની સરખામણીએ ૩૫ ટકા કરતાં વધારે રહેવાની અપેક્ષા છે.ચણા જેવા શિયાળું કઠોળનું વાવેતર ૧૫.૯૭ મિલિયન હેક્ટરમાં થયું છે, જે ગત વર્ષના (૨૦૧૫-૧૬) કરતાં ૧૧.૧૫% વધુ છે અને છેલ્લા પાંચ વર્ષની સરેરાશ કરતાં ૮.૧૪% વધારે છે.

## ખાંડની આયાત પર શૂન્ય જકાત



ભારત ૧૧મી માર્ચ પછી ૧૦લાખ ટન ખાંડની આયાત કરશે કારણ કે મે અને જૂન મહિનાની માગમાં તીવ્ર વધારો અને ભાવવધારાની ચિંતા હોવાના કારણે ઉદ્યોગે છેલ્લા ૪૨ દિવસમાં બીજી વખત ઉત્પાદનના અંદાજમાં ઘટાડો કર્યો છે. વિધાનસભાની ચૂંટણીના પરિણામ જાહેર થયા પછી સરકાર શૂન્ય જકાતના દરે ૫ થી ૧૦ લાખ ટન વચ્ચેની આયાત માટે પરવાનગી આપી શકે છે. હાલમાં, ખાંડની આયાત પર ૪૦ ટકા જકાત દર છે. આધારભૂત સૂત્રોએ જણાવ્યું છે કે સરકારે હાલ માત્ર કાચી ખાંડને જકાત મુક્ત આયાત માટેની પરવાનગી આપી છે કે જેથી મિલો રિફાઇનિંગ સુવિધાઓ અને તેમની નિષ્ક્રિય ક્ષમતાઓ ઉપયોગ કરી શકે. શુદ્ધ ખાંડ પરની જકાત ૪૦ ટકા રહી શકે છે.

## ઈ–રાષ્ટ્રીય કૃષિ બજાર (e-NAM - યોજના)




ઈ-નામ(e-NAM) યોજના મુજબ, માર્ચ, ૨૦૧૮ સુધીમાં દેશભરમાં ૫૮૫ જેટલી કૃષિ ઉત્પાદન બજાર સમિતિઓને ઈ-નામ વેબ-પોર્ટલ સાથે જોડી દેવાની છે. માર્ચ, ૨૦૧૭ સુધીમાં ૪૦૦ કૃષિ ઉત્પાદન બજારોના લક્ષ્યાંક સામે ૧૩ રાજ્યોમાંથી લગભગ ૪૧૭ બજારોને ઇ-રાષ્ટ્રીય કૃષિ બજાર (ઇ-નામ) સાથે સંકલિત કરવામાં આવ્યા છે. ઈ-નામ સાથે જોડાયેલી બજારોની રાજ્યવાર સંખ્યા નીચે મુજબ છે.

## રાજ્યવાર ઈ–રાષ્ટ્રીય કૃષિ બજાર સાથે જોડાયેલ કુલ કૃષિ ઉત્પાદન બજાર સમિતિઓ (તા.૦૩–૦૪–૨૦૧૭)

| અનુ. નં. | રાજ્ય | ઇ-રાષ્ટ્રીય કૃષિ બજાર(ઇ-નામ) સાથે જોડાયેલ કુલ કૃષિ ઉત્પાદન બજાર સમિતિઓ |
|---|---|---|
| ૧. | આંધ્ર પ્રદેશ | ૨૨ |
| ૨. | છત્તીસગઢ | ૧૪ |
| ૩. | ગુજરાત | ૪૦ |
| ૪. | હરિયાણા | ૫૪ |
| ૫. | હિમાચલ પ્રદેશ | ૧૭ |
| ૬. | ઝારખંડ | ૧૯ |
| ૭. | મધ્યપ્રદેશ | ૫૮ |
| ૮. | મહારાષ્ટ્ર | ૪૪ |
| ૯. | ઓરિસ્સા | ૯ |
| ૧૦. | રાજસ્થાન | ૨૫ |
| ૧૧. | તેલંગાણા | ૪૪ |
| ૧૨. | ઉત્તર પ્રદેશ | ૬૬ |
| ૧૩. | ઉત્તરાખંડ | ૫ |
| | કુલ | ૪૧૭ |

## કૃષિ કર માટે વસ્તુ અને સેવા કર (GST) ની વ્યાખ્યા

દેશભરમાં કર હેઠળ લાવવામાં આવતી કૃષિ વસ્તુઓને સક્ષમ કરવા માટે સામાન કર અને સેવાના કાયદામાં 'કૃષિવિજ્ઞાની'ની નવી વ્યાખ્યા સામેલ કરી છે. વસ્તુ અને સેવા કરનો (GST) નવો કાયદો રાષ્ટ્રવ્યાપી કર માળખા હેઠળ લાવવામાં આવતી કૃષિ વસ્તુઓને પસંદ કરવા માટે સક્ષમ બનાવે છે. પંજાબ અને હરિયાણા રાજ્યમાં અપનાવેલા કર સિદ્ધાંતની જેમ ખેડૂતોને કર ચૂકવવા માટે નોંધણી કરાવવાની જરૂર રહેશે નહીં, જેમ કે નોંધાયેલ ખરીદદારોને 'રિવર્સ ચાર્જ' આધારે લેવી એકત્રિત કરવાની જરૂર પડી શકે છે. મોટાભાગના ખેત ઉત્પાદનોને નવા કરમાંથી મુક્તિ આપવામાં આવશે અને કેટલાક રોકડીયા પાકોના કરના દર પ્રારંભ કરવાનીએ અપેક્ષા છે.તાજેતરની નવીનતમ વ્યાખ્યા મુજબ, ખેડૂત એક એવી વ્યક્તિ અથવા હિન્દુ અવિભક્ત કુટુંબનો ગ્રાહક છે કે જે શ્રમ દ્વારા અથવા પોતાના કુંટુંબના માનવ મજૂર અથવા નોકરો દ્વારા રોકડ અથવા વસ્તુ પ્રકારનાં વેતન અથવા વ્યક્તિગત દેખરેખ અથવા કોઇ પણ પરિવારના સભ્ય દ્વારા દેખરેખ હેઠળ ભાડે શ્રમ દ્વારા જમીનની ખેડ કરે તેને ખેડૂત કહેવામાં આવે છે. કેન્દ્રીય અને સંકલિત વસ્તુ અને સેવા કરના કાયદાનો મુદ્દો કે જે વસ્તુ અને સેવાકર કાઉન્સિલ દ્વારા મંજૂર કરવામાં આવ્યો છે તેમાં આ નવી વ્યાખ્યા સામેલ છે. સંસદના બજેટ સત્રમાં આ બિલ રજૂ કરવામાં આવે તેવી ધારણા છે.

## પાક કાપણી પછી નુકશાનના અંદાજ માટે આંતરમાળખાકીય અને તકનિકી સુધારા





ભારતીય કૃષિ સંશોધન પરિષદની સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યુટ ઓફ પોસ્ટ-હાર્વેસ્ટ એન્જીનિયરિંગ એન્ડ ટેકનોલોજી (CIPHET), લુધિયાણાએ (પંજાબ) કરેલ અભ્યાસ મુજબ, રાષ્ટ્રીય સ્તરે મુખ્ય કૃષિ પેદાશોના લણણી પછી અને કાપણી દરમિયાન થયેલ નુકશાનનું વાર્ષિક મૂલ્ય વર્ષ ૨૦૧૨-૧૩ના ઉત્પાદનના આંકડા અને વર્ષ ૨૦૧૪ના જથ્થાબંધ ભાવોના આધારે રૂ. ૯૨,૬૫૧ કરોડ હતું.

ખાદ્યાન્ન પ્રક્રિયા મંત્રાલય દેશના ખાદ્યાન્ન પ્રક્રિયા ક્ષેત્રના વિસ્તાર અને વિકાસ માટે વિવિધ કેન્દ્રીય યોજનાનું અમલીકરણ કરે છે જેમ કે (૧) મેગા ફૂડ પાર્કની યોજના; (૨) આધુનિક એબેટાઇઝની યોજના; (૩) ઈન્ટિગ્રેટેડ કોલ્ડ ચેઇન અને વેલ્યૂ એડીશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટેની યોજના; (૪) ફૂડ પ્રોસેસિંગ અને જાળવણીના વિસ્તરણ / વિસ્તરણ યોજના; (૫) ગુણવત્તા ખાતરી માટેની યોજના;અને (૬) હ્યુમન રિસોર્સ એન્ડ ઈન્સ્ટિટ્યુશન્સ માટેની યોજના. આ યોજનાઓની વિગતવાર માર્ગદર્શિકા, નાણાંકીય સહાયની પદ્ધતિ, યોગ્યતા માપદંડ, પ્રોજેક્ટની મંજૂરી માટેની કાર્યવાહી, સમયસર ગ્રાન્ટ-ઇન-એઇડ વગેરેની બાબતોની માહિતી વેબસાઇટ www.mofpi.nic.in પર ઉપલબ્ધ છે. દેશમાં ખાદ્ય પ્રક્રિયા ઉદ્યોગોની સ્થાપના માટે ખેડૂતો, ખેડૂત ઉત્પાદક સંગઠનો, ઉદ્યોગસાહસિકો, સહકારી સંસ્થાઓ, સ્વ-સહાય સમૂહો, ખાનગી કંપનીઓ અને રાજ્ય જાહેર સાહસો વગેરે આ યોજનાઓ હેઠળ નાણાંકીય સહાય મેળવવા માટે લાયક છે.

## પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના (PMFBY) હેઠળ રવિ પાક હેઠળનો ૩૦ % વિસ્તાર.......

મહત્વાકાંક્ષી પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના (PMFBY) હેઠળ હાલની રવી ઋતુ દરમિયાન, કુલ વાવેતર વિસ્તારના ૬૪.૫ મિલિયન હેક્ટર પૈકી ૧૯ લાખ હેક્ટરથી વધુ વિસ્તાર આવરી લેવાયેલ છે, જે કુલ વાવેતર વિસ્તારના આશરે ૩૦ ટકા છે. વીમા કંપનીઓ અને રાજ્ય એજન્સીઓના પ્રારંભિક અંદાજ મુજબ, શિયાળુ પાક માટે કુલ વીમા રકમ લગભગ ૫૦ ટકા વધીને રૂ.૬૮૨૩૦ કરોડ જેટલી વધી છે, જે અગાઉની ઋતુની તુલનામાં વધારે છે. લગભગ ૧૬.૪ મિલિયન ખેડૂતોને પ્રધાનમંત્રી પાક વીમા અને હવામાન આધારિત પાક વીમા યોજનાઓ અંતર્ગત લાવવામાં આવ્યા છે. જેની સામે અગાઉની રવી ઋતુમાં ૧૭.૫ મિલિયન ખેડૂતો છે. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, જ્યારે કેન્દ્રમાંથી વિગતો આવશે અને અંતિમ સંખ્યાનું સંકલન થશે ત્યારે પાક વિમા હેઠળ આવરી લેવામાં આવેલ ખેડૂતોની સંખ્યામાં રવિ ઋતુ દરમિયાન તીવ્ર વધારો થવાની ધારણા છે. તેમણે જણાવ્યું હતું કે ખરીફ ઋતુ સાથે, ૨૦૧૬-૧૭માં લગભગ ૫૩ મિલિયન ખેડૂતો પાક વિમા હેઠળ આવરી લેવામાં આવ્યા છે. ૨૦૧૬ની ખરીફ ઋતુથી કેન્દ્ર સરકારે વિવિધ કૃષિ વીમા યોજનાઓ એટલે કે રાષ્ટ્રીય કૃષિ વીમા યોજના (NAIS), નવીનીકૃત રાષ્ટ્રીય કૃષિ વીમા યોજના (MNAIS) અને હવામાન આધારિત પાક વીમા યોજના (WBCIS) બંધ કરવામાં આવી હતી અને તેની જગ્યાએ પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના (PMFBY) શરૂ કરવામાં આવી છે. રાજ્યોને વિકલ્પ આપવા માટે હવામાન આધારિત પાક વીમા યોજના પણ ચાલુ રાખવામાં આવી હતી. નાણાં પ્રધાનશ્રી અરુણ જેટલીએ તેમના ૨૦૧૭-૧૮ના બજેટ ભાષણમાં જાહેરાત કરી હતી કે સરકારે આ યોજના હેઠળ ૨૦૧૬-૧૭માં કુલ પાક હેઠળના ૩૦ ટકા વિસ્તારથી વધારીને ૨૦૧૭-૧૮માં ૪૦ ટકા અને ૨૦૧૮-૧૯માં ૫૦ટકા સુધીનો વ્યાપ વધારવામાં આવશે. ૨૦૧૬-૧૭માં બજેટના અંદાજ રૂ.૫૫૦૦ કરોડની સામે તેમણે આ યોજના માટે રૂ. ૯૦૦૦ કરોડની ફાળવણી કરી હતી. ૨૦૧૬-૧૭માં બાકી દાવાઓની પતાવટ કરવા માટે સુધારેલ ફાળવણી રૂ.૧૬૨૪૦ કરોડ કરવામાં આવી હતી.





## ભારતે વિયેતનામમાંથી કૃષિ  ચીજવસ્તુની આયાતોને સ્થગિત કરી...

ભારતે વિયેતનામમાંથી કોફી, વાંસ, કાળામરી, તજ, કાસીઆ અને ડ્રેગન ફળો ૭મી માર્ચથી અત્યારે ક્વોરન્ટાઇન કીટના વારંવારની અડચણના કારણે હંગામી ધોરણે આયતો સ્થગિત કરી છે. આ નિર્ણયને ધ્યાનમાં રાખીને વિયેતનામે જાહેરાત કરી છે કે તે ભારતમાંથી ૧લી માર્ચ થી શરૂ કરીને ૬૦ દિવસ પછી મગફળી, કાસીઆ બીજ, કોકો બીન્સ, કુવાડિયા બીજ, કોફી બીજ અને આમલીની આયાતને સ્થગિત કરશે. કૃષિ મંત્રાલય, ભારત સરકાર દ્વારા આ અઠવાડિયે કૃષિ અને ગ્રામીણ વિકાસ મંત્રાલય, વિયેતનામને એક પત્ર મોકલ્યો હતો. તેમાં ભારત સરકારે જણાવ્યું હતું કે, 'સંસર્ગિત જંતુઓના વારંવારના અવરોધને ધ્યાનમાં રાખીને, એનપીપીઓ ભારત ચીજવસ્તુઓના પ્રવેશને સ્થગિત કરે છે. NPPO, વિયેતનામ દ્વારા એવી વિનંતી કરવામાં આવી છે કે ભારતને નિકાસ માટે આ છ કોમોડિટીઝ માટે ફીટો-સેનિટરી સર્ટિફિકેટ ન આપવામા આવે. બે સસ્પેન્શન ઓર્ડરો વચ્ચે કોઈ સીધો સંબંધ ન હોવા છતાં, દેશ માટે તેના વેપાર ભાગીદાર પ્રત્યે ઓછો સહન થવો તે સામાન્ય છે જે તેના હિતો સતત નુકસાન પહોંચાડે છે. વિયેતનામમાં અગાઉ એપ્રિલ, ૨૦૧૫માં ભારતમાંથી મગફળીનું આયાત સસ્પેન્ડ કર્યું હતું. જાન્યુઆરી, ૨૦૧૬માં એક પ્રતિનિધિ મંડળે ભારતની મુલાકાત લીધી અને ફ્યુમિગેશનની સુવિધા, નિકાસ પ્રક્રિયાની તપાસ અને નિકાસ સર્ટિફિકેશન સિસ્ટમ્સની જાન્યુઆરી ૨૦૧૬માં પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવ્યો. પાંચ ઉત્પાદનો પર તાજેતરમાં પ્રતિબંધ પર વિયેતનામના નિવેદન મુજબ, ગયા વર્ષે ભારત અને ભારતમાં આ વર્ષે ખરીદવામાં આવેલા ૨૪ ટન કેસિયા અલ્ટા બીજમાં લગભગ ૩૦૦૦ ટન મગફળીના જંતુઓની શોધ બાદઆ નિર્ણય લેવામાં આવ્યો હતો.

## ફેબ્રુઆરીમાં તેલીબિંયા ખોળની આયાત ૨.૬૩ લાખ ટનની થઈ છે

ઔદ્યોગિક આંકડા અનુસાર ફેબ્રુઆરીમાં તેલીબિંયા ખોળની નિકાસ બે-ગણી વધીને ૨.૬૩ લાખ ટને પહોંચી હતી. સોલવન્ટ એક્સ્ટ્રેક્ટર્સ એસોસિયેશન ઓફ ઈન્ડિયા (SEA) એ જણાવ્યું હતું કે ચાલુ નાણાંકીય વર્ષના પ્રથમ અગિયાર મહિનામાં નિકાસ ૧૮ ટકા વધીને ૧૬.૭૩ લાખ ટન થઈ છે, જે ગત વર્ષના આજ સમયગાળા દરમિયાન ૧૪.૨૩ લાખ ટન હતી. ફેબ્રુઆરી ૨૦૧૭માં તેલીબિંયા ખોળની નિકાસ બમણા કરતા વધુ એટલે કે ૨,૬૩,૫૦૯ ટન જેટલી થઈ અને ફેબ્રુઆરી, ૨૦૧૬માં ૧,૨૨,૫૨૭ ટનની સરખામણીએ વધુ છે. ગયા મહિને સોયાખોળની નિકાસ ઝડપથી વધીને ૨.૦૭ લાખ ટન થઈ , જે ગયા વર્ષના આજ મહિનામાં ૩૦,૦૦૦ ટન જેટલી હતી. ચાલુ નાણાંકીય વર્ષના એપ્રિલ-ફેબ્રુઆરી સમયગાળા દરમિયાન દેશમાં ૫.૧ લાખ ટન તેલીબિંયા ખોળની નિકાસ થઈ હતી જ્યારે વિયેતનામે ૨.૯૬૧ લાખ ટન, ફ્રાન્સે ૨.૦૮ લાખ ટન, જાપાને ૧.૫૭ લાખ ટન અને બાંગ્લાદેશે ૨.૩ લાખ ટન તેલીબિંયા ખોળની આયાત કરી હતી. આ નાણાંકીય વર્ષમાં અત્યાર સુધીમાં કુલ નિકાસમાંથી સોયાખોળની નિકાસ ૮.૦૯ લાખ ટન હતી.

Book Post

To,

DOI : MAY- 29, 2017

From:
**Agro-Economic Research Centre**
*For the states of Gujarat and Rajasthan*
(Ministry of Agriculture & Farmers Welfare, Govt. of India)
H.M. Patel Institute of Rural Development,
Opp. Nanadalaya Temple, Post Box No. 24,
**Sardar Patel University**
Vallabh Vidyanagar 388120, Anand, Gujarat
Ph.No. +91-2692-230106, 230799, Fax- +91-2692-233106
E-mail : director.aerc@gmail.com
Website: www.aercspu.ac.in

*Acknowledged the information used/taken from the public domain*

Lajja : 02692-233864